# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-02-2026** **Morning: 7.45 TO 7.55 AM**
**Day : FRIDAY** **National News**

નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)

સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

********************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે પરીક્ષા પે ચર્ચામાં દેશભરના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરશે

2) પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, અમેરિકા અને યુરોપિયન સંઘ સાથે ભારતના વેપાર કરાર વૈશ્વિક સ્થિરતાનો વિશ્વાસ દર્શાવે છે

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે જમ્મુમાં સરહદ સુરક્ષાની સમીક્ષા કરશે.

4) હોળી નિમિત્તે દેશભરમાં એક હજાર 410 થી વધુ સ્પેશિયલ ટ્રેન દોડાવાશે.

5) અમેરિકા અને ઈરાન વચ્ચે આજે ઓમાનમાં પરમાણુ વાટાઘાટો થશે.

6) WPL ક્રિકેટની ફાઈનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટીમનો વિજય.

********************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

## PM PARIKSHA PE CHARCHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પરીક્ષા પે ચર્ચાના ૯મા સંસ્કરણમાં દેશભરના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે. આ વાર્ષિક કાર્યક્રમ સવારે 10 વાગ્યે વિવિધ પ્લેટફોર્મ પર પ્રસારિત કરવામાં આવશે. આ વર્ષની ચર્ચાનો હેતુ વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન તણાવમુક્ત રહેવા અને ધ્યાન કેન્દ્રિત શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે.

સાંભળીએ એક અહેવાલ...

(બાઈટ -- આદિત્ય )

. . . . . . . . . . . . . . . . . . . . .

# PM-RS-MOTION OF THANKS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે યુરોપિયન સંઘ EU અને અમેરિકા સાથે ભારતના વેપાર કરારોએ વિશ્વમાં વિશ્વાસ જગાડ્યો છે કે , તે વૈશ્વિક સ્થિરતા તરફ આગળ વધી રહ્યું છે.

શ્રી મોદી ગઈકાલે રાજ્યસભામાં રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા. પ્રધાનમંત્રીએ કહ્યું કે , દેશ મુખ્ય દેશો સાથે ભવિષ્ય માટે તૈયાર વેપાર કરાર કરી રહ્યો છે જે વૈશ્વિક મંજૂરી મેળવી રહ્યા છે અને ભારતના યુવાનો માટે તકોનો વિસ્તાર કરી રહ્યા છે.

(બાઇટ – PM MODI, ON TRADE)

.....................

# SHAH-J&K VISIT

કેન્રીJ&Kગૃહમંત્રી અમિત શાહ આજે જમ્મુમાં સરહદ સુરક્ષાની સમીક્ષા કરશે. ગૃહમંત્રી ગઈકાલે રાત્રે બે દિવસની મુલાકાતે જમ્મુ પહોંચ્યા હતા. તેઓ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અને વિકાસ પરિયોજનની પ્રગતિનું મૂલ્યાંકન કરવા માટે સુરક્ષા એજન્સીઓ અને વહીવટી અધિકારીઓ સાથે મુલાકાત કરશે.

શ્રી શાહે  આજે કઠુઆ જિલ્લાના હીરાનગર ખાતે આંતરરાષ્ટ્રીય સરહદની મુલાકાત લેશે અને સરહદ પારથી થતી ઘૂસણખોરીને રોકવા માટે સરહદ સુરક્ષા દળ દ્વારા ઉપયોગમાં લેવાતા સાધનો અને પુરવઠાનું નિરીક્ષણ કરશે. શ્રી શાહ બોબિયા અને ગુરનામમાં સરહદ સુરક્ષા દળની ચોકીઓની પણ મુલાકાત લેશે. ગૃહમંત્રી જમ્મુના લોકભવનમાં શહીદ સૈનિકોના પરિવારો સાથે મુલાકાત કરશે અને નિમણૂક પત્રો સોંપશે.

ગૃહમંત્રી આવતીકાલે શ્રીનગરમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે.

. . . . . . . . . . . . . . . . . . . .

# SECRETARY MEITY-ICANN

ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી સચિવ એસ. કૃષ્ણને જણાવ્યું છે કે ભારતની ડિજિટલ ક્રાંતિ સુરક્ષિત, સમાવેશી અને સશક્તિકરણવાળી છે.

ગઈકાલે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં તેમણે કહ્યું હતું કે ઇન્ટરનેટ કોર્પોરેશન ફોર એસાઇન્ડ નેમ્સ એન્ડ નંબર્સ ( ICANN) ની પ્રસ્તાવિત બેઠક ઇન્ટરનેટ ક્ષેત્રના તમામ હિસ્સેદારોને જોડવાની સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. શ્રી કૃષ્ણને જણાવ્યું કે , વિશ્વભરમાં પાંચ અબજ ઇન્ટરનેટ વપરાશકર્તાઓ છે , અને આમાંથી લગભગ એક અબજ વપરાશકર્તાઓ ભારતમાં છે

(બાઇટ -- --ICANN--MEITY)

છ દિવસીય ઇન્ટરનેટ પરિષદ આ વર્ષે 7 થી 12 માર્ચ દરમિયાન મુંબઈમાં યોજાવાની છે. તેનું આયોજન ઇન્ડિયન નેશનલ ઇન્ટરનેટ એક્સચેન્જ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# RBI

ભારતીય રિઝર્વ બેંક ( RBI) આજે તેના દ્વિમાસિક નાણાકીય નીતિના નિર્ણયની જાહેરાત કરશે. ગવર્નર સંજય મલ્હોત્રાના નેતૃત્વમાં કેન્દ્રીય બેંકની છ સભ્યોની નાણાકીય નીતિ સમિતિ ( MPC) એ ભારતીય અર્થતંત્ર , ફુગાવા અને અન્ય આર્થિક પરિબળોની ચર્ચા કરવા માટે બુધવારે તેની બેઠક શરૂ કરી હતી. નાણાકીય વર્ષ 2025-2026 માટે આ છેલ્લી નીતિ સમીક્ષા હશે.

RBI એ ગયા ફેબ્રુઆરીથી રેપો રેટમાં 125 બેસિસ પોઇન્ટનો ઘટાડો કર્યો છે. SBI ના એક સંશોધન અહેવાલમાં જણાવાયું છે કે સેન્ટ્રલ બેંક તેની આગામી નીતિમાં યથાવત સ્થિતિ જાળવી રાખે તેવી શક્યતા છે.

ડિસેમ્બરમાં છેલ્લી MPC બેઠક પછી, મુખ્ય વિકાસમાં EU-ભારત અને US-ભારત વેપાર કરારોનો સમાવેશ થાય છે , જેના પરિણામે ભારતીય ઉત્પાદનો પર ટેરિફમાં 18 ટકાનો ઘટાડો થયો છે.

પરિણામે, ભારત હવે એશિયન દેશોમાં સૌથી નીચા ટેરિફ દરોમાંનો એક છે , જે દેશની નિકાસ સ્પર્ધાત્મકતાને વેગ આપવાની અપેક્ષા છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## RAILWAY HOLI

ભારતીય રેલ્વેએ આ વર્ષે રેકોર્ડ સંખ્યામાં હોળી સ્પેશિયલ ટ્રેનો ચલાવવાની જાહેરાત કરી છે.

જેનો હેતુ તહેવારોની દરમિયાન મુસાફરો માટે સરળ અને સલામત મુસાફરી સુનિશ્ચિત કરવાનો છે. મંત્રાલયે જણાવ્યું છે કે વધતી માંગને પહોંચી વળવા માટે , દેશભરમાં એક હજાર 410 થી વધુ હોળી સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે. આ સંખ્યા વધીને એક હજાર 500 થવાની ધારણા છે. મુખ્ય સ્થળો વચ્ચે વધુ સારી કનેક્ટિવિટી પૂરી પાડવા માટે આ ખાસ ટ્રેનો મુખ્યત્વે માર્ચ મહિના દરમિયાન ચલાવવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# DUBAI-INDIAN TEACHER

ભારતીય શિક્ષિકા રૂબલ નાગીએ ગ્લોબલ ટીચર પ્રાઇઝ 2026 જીત્યો છે. દુબઈમાં વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટમાં તેમને 9 કરોડ રૂપિયાનો પુરસ્કાર એનાયત કરાયો. આ પુરસ્કાર દુબઈના ક્રાઉન પ્રિન્સ શેખ હમદાન બિન મોહમ્મદ બિન રશીદ અલ મક્તોમ દ્વારા અપાયો.

સુશ્રી નાગીને ઉપેક્ષિત દિવાલને વાંચન , લેખન, અંકગણિત તેમજ જાહેર આરોગ્ય અને પર્યાવરણીય જાગૃતિ શીખવતા શૈક્ષણિક ભીંતચિત્રોમાં રૂપાંતરિત કરવા બદલ સન્માનિત કરાયા. 139 દેશના 5 હજારથી વધુ નામાંકનમાંથી તેમની પસંદગી કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . .

# US-IRAN NUKE TALKS

અમેરિકા અને ઈરાન આજે ઓમાનની રાજધાની મસ્કતમાં પરમાણુ વાટાઘાટો કરશે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં આ વાતની જાહેરાત કરી હતી. ભારતીય સમય મુજબ સવારે 11:30 વાગ્યે શરૂ થનારી આ બેઠક એક મહત્વપૂર્ણ રાજદ્વારી પહેલ છે. આ દરમિયાન , અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કડક ચેતવણી આપતા કહ્યું છે કે ઈરાનના પ્રમુખ આયાતુલ્લાહ અલી ખામેની માટે આ સારો સમય નથી.

. . . . . . . . . . . . . . . . . . . . .

# DEFENSE SECRETARY – BHUJ

સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે ગઈકાલે ગુજરાતના ભૂજમાં સશસ્ત્ર દળોના સંયુક્ત સંકલન, માળખાગત વિકાસ અને ક્ષમતા નિર્માણ સંબંધિત પહેલોની સમીક્ષા કરી હતી.

તેમણે સધર્ન કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠ અને કોણાર્ક કોર્પ્સના અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે પણ વાતચીત કરી હતી. શ્રી સિંહને ભારતીય સેનાને ટેકનોલોજીકલ રીતે અપગ્રેડ કરવા , મલ્ટી-ડોમેન કામગીરીને સક્ષમ બનાવવા અને લડાઇ તૈયારીઓ કરવાના હેતુથી શરૂ કરાયેલી પહેલો વિશે માહિતી આપવામાં આવી હતી.

સંરક્ષણ સચિવે સંયુક્ત નિયંત્રણ કેન્દ્રની પણ મુલાકાત લીધી, જે ત્રણેય સેવાઓ, ભારતીય કોસ્ટ ગાર્ડ , બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને અન્ય સુરક્ષા એજન્સીઓ દ્વારા સંયુક્ત રીતે સંચાલિત છે. તેમણે બહુ-એજન્સી ક્ષમતા કવાયત "ટાટા રક્ષા" (ત્રિકોણ સંરક્ષણ) પણ નિહાળી. શ્રી સિંહે સરહદી વિસ્તારમાં રાષ્ટ્રીય ગૌરવ અને એકતાના પ્રતીક, સ્મારક ધ્વજનું ઉદ્ઘાટન કર્યું.

. . . . . . . . . . . . . . . . . . . . .

# WPL FINAL MATCH

મહિલાઓની પ્રીમિયર લીગ – ટી-20 ક્રિકેટની ફાઈનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુનો વિજય થયો છે.

ગઈકાલે વડોદરામાં રમાયેલી મેચમાં દિલ્હી કૅપિટલ્સની ટીમે પહેલા બેટિંગ કરી નિર્ધારિત 20 ઑવરમાં ચાર વિકેટ ગુમાવી 203 રન કર્યા હતા. જવાબમાં બેંગ્લુરુની ટીમે 19 ઑવર ચાર બોલમાં ચાર વિકેટ ગુમાવી 204 રન કરી ખિતાબ જીતી લીધો.

મેચ બાદ બેંગ્લુરુની ટીમનાં સુકાની સ્મૃતિ મંધાનાને પ્લેયર ઑફ ધ મેચ અને ગુજરાત જાયન્ટ્સનાં ખેલાડી સોફી ડિવાઈનને પ્લેયર ઑફ ધ સિરીઝ જાહેર કરાયાં હતાં.

...............................

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- સંદેશની હેડલાઇન છે : કોંગ્રેસના શાસનમાં ડિલનો મતલબ બોફોર્સ ડિલ - મોદી દિવ્યભાસ્કરએ અમે દેશને બોફોર્સ ડીલ થી ટ્રેડ ડીલ સુધી લઈ આવ્યાં – વડા પ્રધાન મોદીના સમાચાર અને ભારત ટેક્સી લોન્ચ -ડ્રાઈવર હશે માલિક -ઓલા -ઉબેર ને પડકાર ને મુખ્ય પાન પર સ્થાન આપ્યું છે.
- નવ ગુજરાત સમયે EU-US સાથેના કરારોથી વિશ્વનો વિશ્વાસ વધ્યો -મોદીની હેડલાઇન બનાવી છે
- જયારે ફૂલછાબે લોકસભામાં હતી વડાપ્રધાન ઉપર હુમલાની શંકાને મુખ્ય પાનને મથાળું આપ્યું છે
- સ્થાનિક સમાચારો જોઈએ તો હવામાન-ઠંડીમાં ગરમી ગુજરાત -રાજ્યમાં સરેરા શ તાપમાન 3-7 ડિગ્રી વધારો નોંધાયો , અને આસારામે 500 કરોડની જમીન પર બાંધેલા આશ્રમ પર બુલડોઝર ફરશે ના સમાચારને છાપ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .